## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના... આ કોઈ અનામત આંદોલન રોકવા લાકડીથી લાઠીચાર્જ નથી થતો... આને અહીં નવરાત્રી ફેસ્ટીવલ કહે છે...

## કલ્ચરલ ફોરમની નવલી નવરાત્રિના વિજેતા

### ત્રીજું નોરતુ

| કેટેગરી | બોય | ગર્લ |
|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ વિનર | વિહાન વોરા | ખનક ઠક્કર |
| (૭ વર્ષ સુધીના) રનર્સઅપ | નંદીશ રાવલ | શ્લોકા લીલાણી |
| બેસ્ટકીડ - વિનર | પ્રિયાંશ વોરા | પરિશા દવે |
| (૭ થી ૧૨ વર્ષ) રનર્સ અપ | ઉત્સવસિંહ ચાવડા | ઝીલ ભટ્ટ |
| બેસ્ટ ટીનેજર-વિનર | આયુષ તલાટી | ઋષિકા શુકલ |
| (૧૩ થી ૧૭ વર્ષ) રનર્સ અપ | નૃપેશ પુરબીયા | હિમાદ્રી પટેલ |
| બેસ્ટ ડ્રેસ - વિનર | રવિરાજ દેસાઈ | શિખા દેસાઈ |
| રનર્સ અપ | હેત ભાવસાર | પ્રાચી રામી |
| બેસ્ટ કિંગ/ક્વીન-વિનર | મુકેશ ઉપાલા | રેખા સોની |
| (૪૦ વર્ષથી ઉપરના) રનર્સ અપ | જયંત બુચ | મીના સાલ્વી |
| બેસ્ટ પેર - વિનર | હર્ષ ઘોઘારી | નિરવદાન ગઢવી |
| રનર્સ અપ | સૂરજસિંહ ડાભી | રિદ્ધી ડાભી |
| બેસ્ટ પરફોર્મન્સ-વિનર | કૃતક પટેલ | જ્હાનવી સાવલિયા |
| (પ્રિન્સ/પ્રિન્સેસ) રનર્સ અપ | નિસર્ગ પંડ્યા | પ્રાચી સાલ્વી |

## સ્કૂલમાં વિદ્યાર્થીને લાફો ઝીંકી દેનાર શિક્ષક સામે ફરીયાદ

શહેરના સેક્ટર-૨૩ ખાતે સ્થિત શાળામાં બે વિદ્યાર્થીઓ કોઈ સામાન્ય બાબતે ઝઘડતા ફરીયાદ શિક્ષક સુધી પહોંચી હતી. શિક્ષકે વિદ્યાર્થીને લાફો ઝીંકી દેતા વિદ્યાર્થીના વાલીએ આજે પોલીસ ફરીયાદ નોંધાવી છે. સે-૨૧ પોલીસે શિક્ષક સામે વિદ્યાર્થીના પિતાની ફરીયાદને આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સે-૨૩ ખાતે સ્થિત એક પ્રતિષ્ઠિત પ્રાથમિક શાળામાં ગઈકાલે ધોરણ-૭ના વર્ગમાં બે વિદ્યાર્થીઓ કોઈ બાબતે સામસામે આવી ગયા હતા. બબાલ વર્ગશિક્ષક સુધી પહોંચતા શિક્ષકે એક વિદ્યાર્થીને લાફા ઝીંકી દેતા ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને હોસ્પિટલાઈઝ્ડ કરવો પડ્યો હતો. ઘાયલ થયેલા વિદ્યાર્થીના પિતા મહમ્મદ રફીક અબ્દુલગફુર કાજી (પ્લોટ નં. ૬૦૭/૧, સેક્ટર-૧૩-એ) એ સેક્ટર-૨૧ પોલીસમથકમાં શિક્ષક સામે ફરીયાદ આપતા પોલીસે શિક્ષક સામે ગુનો દાખલ કરી બળદેવજીએ તપાસ આરંભી છે.

# એચપી ગેસના બાટલાની હેરાફેરી કરતી ટ્રકમાંથી દારૂ પકડાયો

## ૧૮ બોટલ રમ સહિત ૫.૦૫ લાખના મુદ્દામાલ જપ્ત : પેથાપુર પોલીસે વહેલી સવારે આદરજ-સરઢવ રોડ પરથી ટ્રક પકડી ચારની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક સ્થિત આદરજ સરઢવ રોડ પરથી આજે વહેલી સવારે પેથાપુર પોલીસ ચોક્કસ બાતમીને આધારે વોચ ગોઠવી એચ.પી. ગેસની બોટલની હેરાફેરી કરતી ટ્રકમાંથી દારૂની બોટલો પકડી પાડી હતી. ટ્રકમાંથી કોલેજ બેગમાં ભરેલી ૧૮ નંગ રમની બોટલો મળી આવતા પોલીસે રૂ. ૫.૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ચાર શખ્સોની ધરપકડ કરી લીધી છે. દારૂની



બોટલો ક્યાંથી લાવ્યા હતા તે સહિતની પુછપરછ શરૂ કરવામાં આવી છે.

પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા તથા તેમની ટીમના પ્રદિપસિંહ દિલાવરસિંહ તથા વિજયસિંહ અજીતસિંહ સહિતના માણસો આજે પરોઢીયે એક બાતમી મળતા આદરજ-સરઢવ રોડ પર વોચમાં ગોઠવાઈ ગયા હતા. બાતમીવાળી ટ્રક એચપી ગેસની બોટલની હેરાફેરી કરતી ટ્રક હતી. જે ટ્રક નં. જીજે-૧૮એ.યુ.૮૪૪૭ ત્યાંથી નિકળતા ઉભી રખાવી ચેકીંગ કર્યુ હતુ. ટ્રકમાં ગેસની બોટલો વચ્ચે એક કોલેજ બેગ સંતાડેલી હતી. તેમાં તપાસ કરતાં અંદરથી ૧૮ નંગ ઓલ્ડ મોંગ રમ મળી આવી હતી. પોલીસે રૂ. ૫૪૦૦ની કિંમતનો રકમની બોટલો અને ટ્રક મળી રૂ. ૫,૦૫ લાખના મુદ્દામાલ સાથે ચારની ધરપકડ કરી લીધી છે. સરઢવ ગામના દશરથ કેશા રાવળ, મુકેશ પ્રહલાદ ઠાકોર, ભુરા ભીખા દંતાણી અને અજીત બળદેવ રાવળની ધરપકડ કરી લઈ પેથાપુર પોલીસે ઊંડી તપાસ શરૂ કરી છે.

# વાવોલમાં રેતીના ડમ્પીંગ યાર્ડથી નાગરિકો ત્રસ્ત

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના વાવોલ ખાતે રહેણાંક વિસ્તારમાં બનાવાયેલ રેતીના ડમ્પીંગ યાર્ડના કારણે વિસ્તારની સોસાયટીઓના રહીશો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. રાતભર આ ડમ્પીંગ યાર્ડ પર રેતીના ડમ્પરોની અવર જવરથી રહીશોની ઊંઘ હરામ થઈ જતા આ બાબત પોલીસ ફરિયાદ સુધી પહોંચી જવા પામી છે.

વાવોલના નવા વિકસેલા રહેણાંક વિસ્તારની શાલ્વિક હોમ્સ નામની સોસાયટીની બરાબર સામેના ભાગમાં ખુલ્લા પ્લોટમાં ઘણા સમયથી નદીની રેતીનું ડમ્પીંગ યાર્ડ બનાવાઈ દેવાયું છે. અહીં દિવસ-રાત ડમ્પરો દ્વારા રેતીના ખડકલા કરવામાં આવી રહ્યા છે. જેના કારણે તેની આસપાસનો સમગ્ર વિસ્તાર ધૂળિયો બની જવા પામ્યો છે. વળી, સતત ભારેખમ ડમ્પરોની આવન-જાવનથી રહીશો ત્રસ્ત થઈ જવા પામ્યા છે. ખાસ કરીને રાતભર આ ડમ્પરોની ભારે

**રહેણાંક વિસ્તારમાં ૨૪ કલાક રેતીના ડમ્પરોની આવન-જાવનથી રહીશો પરેશાન : ગેરકાયદેસર રીતે ડમ્પીંગ થતુ હોવાની શંકા સાથે પોલીસ ફરીયાદ**

અવરજવર રહે છે. જેના કારણે શાલ્વિક હોમ્સ, વૈદેહી એપાર્ટમેન્ટ, શુભમ એપાર્ટમેન્ટ, સિદ્ધાર્થી હોમ્સ, કેશવ પાર્ક વગેરેના રહીશો રાત્રે શાંતિથી સૂઈ પણ નથી શકતા. દિવસ દરમ્યાન આંતરિક માર્ગો પર પણ આ ડમ્પરોની બેફામ ગતિના કારણે બાળકો માટે જોખમરૂપ બની રહ્યા છે.

વસાહતીઓ દ્વારા આ ડમ્પીંગ પાર્કમાં ગેરકાયદેસર રીતે રેતીની ચોરી કરી ડમ્પીંગ કરાતુ હોવાની શંકા સાથે તેને અટકાવવા અવારનવાર વિરોધ વ્યક્ત કરાયો અને વિવિધ સ્તરે રજુઆતો કરવામાં આવી હતી. પરંતુ તેનો કોઈ નિવેડો ના આવતા અંતે શાલ્વિક હોમ્સના વસાહતીઓએ પોલીસ ફરિયાદનો સહારો લેવો પડ્યો છે. પોલીસે પણ આ મામલે તપાસ હાથ ધરી રહીશોના નિવેદન લેવા સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

# નવરાત્રીમાં ફાફડા જલેબી હોટ ફેવરીટ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં નવરાત્રીના સમય દરમ્યાન રાત્રે ખાણી-પીણી બજારમાં ભારે ભીડ જોવા મળે છે. રાત્રે ગરબે ઘુમી માતાજીની ભક્તિ અને શક્તિની પૂજા કર્યા બાદ પેટ પૂજામાં નગરજનો વ્યસ્ત થઈ જાય છે. શહેરમાં નવરાત્રી દરમ્યાન ફાફડા-જલેબીના સ્ટોલ પર નગરજનો જયાફત માણતા નજરે પડે છે. નગરમાં રોજ રાત્રે લાખો રૂપીયાના ફાફડા આરોગી જાય છે. ત્યારે સ્ટોલ ધારકોને પણ સારી ઘરાકીને પગલે બખ્ખા થઈ ગયા છે.

ગાંધીનગરાઓ મનભરીને ઉત્સવની ઉજવણી કરે છે. શહેરમાં રાત્રી ગરબા બાદ નાસ્તાની પ્રથા ખુબ વધી જવા પામી છે. ગરબે ઘુમ્યા બાદ કંઈ જગ્યાએ ગરમા-ગરમ ફાફડા-જલેબી મળશે તેની ચર્ચા સાંભળવા મળે છે. શહેરના સેક્ટર-૪, ૨૨, ૨૪ સહિત વિવિધ સ્થળો પર ફાફડા જલેબીના સ્ટોલ આવેલા છે. જ્યાં ગરમા ગરમ નાસ્તો નગરજનોને પીરસવામાં આવે છે. નવરાત્રી પૂર્ણ થયા બાદ સ્ટોલ પર ખરીદી કરવા લાંબી કતારો લાગે છે. પોતાના પરિજનો સાથે નવરાત્રીની મોજ માણવા નીકળેલા ગરબા રસિકો ફાફડા-જલેબીનો નાસ્તો કર્યા વિના ઘરે પરત જતા નથી. જ્યારે નવરાત્રીથી શરૂ થતો ફાફડા જલેબીનો ટ્રેન્ડ દશેરાના દિવસે પૂર્ણ થાય છે. નગરજનો રોજ રાત્રે લાખો રૂપીયાના ફાફડા-જલેબી આરોગી જાય છે. જેને લીધે વેપારીઓને બખ્ખા થઈ ગયા છે.

## ખૂણે ખાંચરેથી...

- ગઈકાલે કેન્દ્ર સરકારની આરોગ્યની ટીમે મેલેરિયાની સ્થિતિ અંગે જાણકારી મેળવવા ગાંધીનગર જિલ્લાની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેમણે ઉનાવા, ડભોડા અને રાંચરડા સહિત જિલ્લાના ચાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર જિલ્લામાં નવા નિમણુંક કરાયેલ ૧૩ તલાટી કમ-મંત્રી ફરજ પર હાજર ન થતા પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા વેઈટીંગ લીસ્ટમાંથી નિમણૂંક આપવાનો નિર્ણય લેવાયો છે.
- કલેક્ટર કચેરીમાં ૧૧ જેટલા કારકૂનોની બદલી કરવામાં આવી છે.
- વિધાનસભા કર્મચારી મંડળ દ્વારા ભવનના પહેલા માળે ગરબાનુંઆયોજન કરવામાંઆવ્યુંછે.
- ફિકસ પગારદાર કર્મચારીઓ આવતીકાલે કાળી પટ્ટી ધારણ કરી બ્લેક સેટરડે મનાવશે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટર રવિશંકર કલ્ચરલ ફોરમના ગરબા માણવા પહોંચ્યા હતા.
- વિધાનસભાના ગરબા માણવા માણસાના આનંદી માના વડલાના ૧૯ વડીલો આવ્યા હતા.

## વડનગરા નાગર મંડળના ગરબા યોજાશે

વડનગરા નાગર મંડળ દ્વારા તા. ૧૮ ઓકટોબરને રવિવારના રોજ બપોરે ૩ કલાકે અરવિંદ કેન્દ્ર, સેકટર-૨૩ ખાતે બેઠા અને ફરતા ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. ગરબામાં સર્વે વડનગરા નાગર જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા પ્રમુખ સુધીરભાઈ દેસાઈ દ્વારા ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.











અમે મણીયારા રે ગોકુળ ગામના....

















(તસવીર : દિપક જાની)